PAU-001-001526 Seat No. ________

**B. A. (Sem. V) Examination**

**October / November - 2018**

**Gujarati : Paper - 15**

***(Prashit Kruti "Bhrateshwar Bahubaliras")***

*(Old Course) (Core - 17)*

**Faculty Code : 001**
**Subject Code : 001526**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) કુલ પાંચ પ્રશ્નોના જવાબ ગુણાંકન પ્રમાણે લખવા.

(૨) જમણી બાજુના અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ 'રાસ' સંજ્ઞાને સ્પષ્ટ કરી, રાસના શ્રાવ્ય અને આંતરિક સ્વરૂપગત લક્ષણોની સમીક્ષા કરી, મધ્યકાળના કયાં મહત્ત્વના સ્વરૂપ સાથે 'રાસ'ના લક્ષણોનું સામિપ્ય છે તેને તપાસો. ૧૪

**અથવા**

૧ પ્રાગ્‌નરસિંહયુગના શ્રેષ્ઠ સાહિત્ય-સ્વરૂપ 'રાસ'ની વિશિષ્ટતાઓને સમજાવી, રાસ સાહિત્યની ક્રમિક વિકાસયાત્રાની વિગતે ચર્ચા કરો. ૧૪

૨ 'રાસ'ની સ્વરૂપગત લાક્ષણિકતાઓને આધારે 'ભરતેશ્વર બાહુબલિરાસ' કૃત્તિનું સર્વાંગી મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૨ 'શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વરબાહુબલિરાસ'માં જૈન 'રાસ'ના લક્ષણો અભિપ્રેત છે.'' - આ વિધાનની સવિસ્તૃત-સદષ્ટાંત ચર્ચા કરો. ૧૪

૩ ‘‘ભરતેશ્વરબાહુબલિરાસ’’ના પાત્રસૃષ્ટિની વિસ્તૃત ચર્ચા કરી, કવિની પાત્રાલેખન કળાને મૂલવો. ૧૪

**અથવા**

૩ પ્રભાવક અને વીરરસથી તરબોળ એવા ‘ભરતેશ્વરબાહુબલિરાસ’ના કથાવસ્તુને વિગતે વર્ણવો. ૧૪

૪ ‘શાલિભદ્રસૂરિ રચિત ‘‘ભરતેશ્વરબાહુબલિરાસ’’ની વર્ણનક્ષમતા ચિત્તાકર્ષક રહી છે’- આ વિધાનની ચર્ચા કૃત્તિમાં આપેલા વર્ણનોને આધારે કરો. ૧૪

**અથવા**

૪ ‘‘ભરતેશ્વરબાહુબલિરાસ’’ના રસાલેખનને આધારે રસકવિ તરીકેની સર્જકની અનુપમ સિદ્ધિનું આકલન કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ **બે** વિશે ટૂંકનોંધ લખો : ૧૪

(૧) ‘ભરતેશ્વરબાહુબલિ’માં છંદ અને અલંકારોનો વિનિયોગ

(૨) ‘ભરતેશ્વરબાહુબલિ’માં ધર્મોપદેશ.

(૩) સ્પષ્ટ, સુરેખ, જીવંત, ઉઠાવદાર પાત્ર - બાહુબલિ

(૪) ‘ભરતેશ્વરબાહુબલિ’ શીર્ષકનું ઔચિત્ય.